# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૭/૨/૨૦૧૯

તંત્રીશ્રી, _________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડેપ્યુટી સેક્રેટરી)

---

# ચેમ્બરમાં 'ગ્લોબલ ટ્રેડ ડેવલપમેન્ટ, કનેકટ એન્ડ કોલાબોરેટ ફોર ગ્લોબલ એલાયન્સીસ' વિશે રોડ શો યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને નાસકોમ (નેશનલ એસોસિએશન ઓફ સોફટવેર એન્ડ સર્વિસ કંપનીઝ)ના સંયુકત ઉપક્રમે 'ગ્લોબલ ટ્રેડ ડેવલપમેન્ટ, કનેકટ એન્ડ કોલાબોરેટ ફોર ગ્લોબલ એલાયન્સીસ' વિશે રોડ શો યોજાયો હતો. જેમાં ગ્લોબલ ટ્રેડ ડેવલપમેન્ટના સિનીયર ડાયરેકટર શ્રી ગગન સભરવાલ અને ગ્લોબલ ટ્રેડ ડેવલપમેન્ટની પહેલ કરનાર શ્રી મયંક ગૌતમે ભારતની બહાર ચાઇના, જાપાન અને જર્મનીમાં બિઝનેસ ડેવલપ કરવા માટે આઇટી સેકટરમાં નાસકોમ કઈ રીતે તેની સેવા પુરી પાડી મદદરૂપ થાય છે તે વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભીક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે આજના યુગમાં સોફટવેરનું અનેરુ મહત્વ છે. સોફટવેર વગર મોબાઇલ જેવા કોઇપણ ઇલેકટ્રોનિક ગેઝેટ્સ કામ કરી શકે નહી. વિશ્વ ખૂબ જ ઝડપથી વિકસી રહયુ છે અને એની સમકક્ષ દોડવા માટે આપણે પણ બિઝનેસને વિશ્વના માર્કેટમાં લઇ જવા માટે પ્રયાસ કરવો પડશે. વ્યવસાયને અન્ય દેશમાં ફેલાવી શકાય એના માટે આજના સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

શ્રી ગગન સભરવાલે જણાવ્યુ હતુ કે એસએમઇ અને એમએસએમઇ કંપની ભારતની બહાર બિઝનેસ કરી શકે એના માટે તેઓ કામ કરી રહયા છે. ભારતમાં ભારત સરકાર અને ભારતની બહાર ચાઇના, જાપાન અને જર્મનીમાં ત્યાંની સ્થાનિક સરકાર સાથે રહીને નાસકોમ આઇટી સેકટરમાં સોફટવેર અને સર્વિસ પુરી પાડી રહી છે. ભારતમાં મોટી સંખ્યામાં રોબોટીકસ કંપનીઓ છે. રોબોટ બનાવવા માટેના પાર્ટ્સ ભલે અન્ય દેશથી આવે છે પણ રોબોટને ચલાવવા માટેનું મહત્વનુ સાબિત થતુ સોફટવેર તો ભારતમાં જ બને છે. તેમણે જણાવ્યુ હતુ કે નાસકોમ ભારત બહારના દેશોમાં કયા બિઝનેસ ચાલે છે વિગેરે બાબતોને કેટેગરાઇઝડ કરે છે. ભારતની બહાર બિઝનેસ કરવા માટે સૌપ્રથમ વીઝાની જરૂર પડતી હોવાથી યુએસ અને યુકેના વીઝા પ્રોસિજર માટે પણ કામ કરે છે.

શ્રી મયંક ગૌતમે ચાઇના માટેના કોરીડોર વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે ભારતમાં કોઇ કંપની પ્રોડકટ બનાવતી હશે તો ચાઇના, જાપાન અને જર્મનીમાં આ પ્રોડકટનું સરળ રીતે વેચાણ કરી શકાય તે માટે નાસકોમ કામ કરે છે. ચાઇનામાં બિઝનેસને ડેવલપ કરવા માટે ત્યાં રહેવાની, બાળકોને ભણવાની અને બેન્ક ખાતા સહિતની ઇકો સિસ્ટમ પુરી પાડવામાં આવે છે. નાની કંપનીઓને જે કઈ સમસ્યા આવે છે તેને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

ચેમ્બરની આઇટી એન્ડ ટેલીકોમ કમિટીના ચેરમેન શ્રી બશીર મન્સુરીએ પ્રાસંગિક વિધી કરી હતી અને તમામનો આભાર માની રોડ શોનું સમાપન કર્યુ હતુ.